# ડાંગમાં ભાજપ આગળ છતાં કોંગ્રેસની મજબૂત વાપસી

**જિલ્લા** પંચાયતની ગત ટર્મમાં 18માંથી ભાજપે 17 બેઠક મેળવી હતી

**કોંગ્રેસ** 1 બેઠક પરથી 6 પર પહોંચતા નવી આશાનો સંચાર

સાપુતારાઃ ડાંગ જિલ્લા પંચાયતની કુલ 18 બેઠકનાં રસાકસીભર્યા પરિણામો જાહેર થતાં જ ભાજપા અને કોંગ્રેસ બંને પક્ષના કાર્યકરોમાં ક્યાંક ખુશી તો ક્યાંક નિરાશાનો માહોલ સર્જાયો છે. ગત પાંચ વર્ષ પૂર્વે યોજાયેલી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કુલ 18 બેઠકમાંથી 17 બેઠક ભાજપાને અને માત્ર 1 બેઠક કોંગ્રેસને મળતા કોંગ્રેસ સંપૂર્ણપણે હતાશામાં ધકેલાઈ ગઈ હતી. પરંતુ હાલમાં જ પૂર્વ ધારાસભ્ય મંગળભાઈ ગાવીતની કોંગ્રેસમાં ઘરવાપસી બાદ વર્ષ 2026માં કોંગ્રેસે ફરી સજીવનતા પ્રાપ્ત કરી છે. આજરોજ જાહેર થયેલા જિલ્લા પંચાયતનાં પરિણામ મુજબ કુલ 18 બેઠકમાંથી ભાજપાએ 12 બેઠકો પર જીત મેળવી છે, જ્યારે કોંગ્રેસે 6 બેઠકો જીતીને નોંધપાત્ર વાપસી કરી છે. ડાંગ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસને મળેલી સફળતાને કારણે ભાજપાની અંદરનો આંતરિક કલહ સપાટી પર આવ્યો છે.


ગિરીશ ભોયે

**ડાંગ જિલ્લા પંચાયતની ૧૮ બેઠકના વિજેતા ઉમેદવારો**

| ક્રમ | બેઠકનું નામ | વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ વોટ |
|---|---|---|---|---|
| ૧ | આહવા-૧ | સ્નેહલ ઠાકરે | કોંગ્રેસ | 3260 |
| ૨ | આહવા-૨ | શ્રદ્ધા ખરે | ભાજપ | ૫૭૧૨ |
| ૩ | બરડા | ચંદ્રકલા ગવિત | ભાજપ | ૩૮૨૦ |
| ૪ | દગડીઆંબા | નિતેશ ચૌધરી | કોંગ્રેસ | ૩૮૪૬ |
| ૫ | ધવલીદોડ | વિમલ ભોયે | કોંગ્રેસ | ૪૯૨૬ |
| ૬ | ડોન | યોગીતા પવાર | ભાજપ | ૩૫૨૬ |
| ૭ | ગડદ | ગીતા બાગુલ | ભાજપ | ૪૩૩૭ |
| ૮ | ગારખડી | સુંદર ચૌધરી | ભાજપ | ૬૮૬૭ |
| ૯ | જાખાના | શંકર પવાર | ભાજપ | ૩૬૬૧ |
| ૧૦ | કડમાળ | રાજેશ ગામીત | ભાજપ | ૫૯૮૬ |
| ૧૧ | કાલીબેલ | જીતેન્દ્ર પવાર | ભાજપ | ૪૪૪૩ |
| ૧૨ | કોશીમદા | આશા ગામીત | કોંગ્રેસ | ૪૭૬૭ |
| ૧૩ | નિશાણા | દિનેશ હિલીમ | ભાજપ | ૪૬૭૮ |
| ૧૪ | સાકરપાતળ | મંગળ ગાવિત | કોંગ્રેસ | ૪૯૬૫ |
| ૧૫ | શામગહાન | કમળા રાઉત | ભાજપ | ૪૩૪૩ |
| ૧૬ | સુબીર | જયનુ બાગુલ | કોંગ્રેસ | ૫૫૯૦ |
| ૧૭ | ટાંકલીપાડા | મના સુર્યવંશી | ભાજપ | ૩૮૮૮ |
| ૧૮ | વઘઇ | ઉષા પટેલ | ભાજપ | ૪૫૮૯ |

## આહવા- 1 જિલ્લા સીટ પર ભાજપાનાં ગઢમાં ગાબડું

આહવા-1 બેઠક પર કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ડાંગ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સ્નેહલભાઈ ઠાકરેનો ભવ્ય વિજય થયો છે. તેમણે ભાજપના ઉમેદવાર નરેશભાઈ ગવળીને જંગી મતોની સરસાઈથી હરાવીને પોતાની બેઠક કબજે કરી છે. અત્રે નોંધનીય છે કે આહવા જિલ્લા બેઠક-1માં ભાજપાની કારમી હારનાં મુખ્ય કારણ એ જાણવા મળે છે કે ભાજપા સંગઠનમાં વિવિધ હોદાઓ પર બિન આદિવાસીઓ(મરાઠા)ઓને હોદા આપતા આ બેઠક પર ભાજપાની કારમી હાર થઈ હોવાનો ગણગણાટ સાંભળવા મળી રહ્યો છે.

## કોંગ્રેસનાં સાસુ- ભાજપનાં વહુ'નાં જંગમાં સાસુની જીત

ડાંગ જિલ્લાની સુબિર જિલ્લા પંચાયત બેઠક આ વખતે આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ બેઠક પરના પરિણામો જાહેર થતાં જ 'સાસુ-વહુ' ના પારિવારિક અને રાજકીય જંગનો અંત આવ્યો છે, જેમાં કોંગ્રેસનાં સાસુએ બાજી મારી છે. કોંગ્રેસ પક્ષ તરફથી જયનુબેન બાબુભાઈ બાગુલ (સાસુ) ચૂંટણી લડી રહ્યા હતા, જ્યારે તેમની સામે ભારતીય જનતા પાર્ટીએ તેમની જ વહુ પ્રિયંકાબેન રાજુભાઈ કુંવરને ટિકિટ આપી હતી.

## આહવા-2 બેઠક પર ભાજપના ભાણેજ વહુની જીત

ડાંગ જિલ્લાની આહવા-2 જિલ્લા સીટ પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચેના આ રસાકસીભર્યા જંગમાં અંતે ભાજપના ઉમેદવાર શ્રદ્ધાબેન તુષારભાઈ ખરે (ભાણેજ વહુ) એ વિજય મેળવ્યો છે. આ બેઠક પર ભાજપના શ્રદ્ધાબેન ખરે અને તેમના સગા મામા દિપકભાઈ પીંપળે (કોંગ્રેસ) સામસામે હતા.

## સૌથી મોટો ઉલટફેર: દગડીઆંબા પર કોંગ્રેસનો પંજો

સૌથી મોટો ઉલટફેર દગડીઆંબા (સીટ નં. 4) પર જોવા મળ્યો છે. વર્ષોથી ભાજપનો ગઢ ગણાતી આ બેઠક પર કોંગ્રેસના યુવા સરપંચ નિતેશભાઈ ચૌધરીએ વિજય પતાકા લહેરાવી છે. અહીં ભાજપના કદાવર નેતા સુભાષભાઈ ગાઈન અને પૂર્વ જિલ્લા પંચાયતનાં પ્રમુખ નિર્મળાબેન ગાઈનની ભાભી સરલાબેન ગાઈનની કારમી હાર થઈ છે. કોંગ્રેસે આ બેઠક જીતીને ભાજપના મજબૂત ગઢમાં ગાબડું પાડવામાં સફળતા મેળવી છે.

## સુબિરની કડમાળ જિલ્લા બેઠક પર ભાજપના મહામંત્રીની જીત

સુબિર તાલુકાની કડમાળ-10 જિલ્લા બેઠક પર ભાજપે પોતાની પકડ જાળવી રાખી છે. ભાજપના સંગઠન મહામંત્રી તરીકે સેવા આપી ચૂકેલા અનુભવી નેતા રાજેશભાઈ ગામીતે આ બેઠક પર વિજય મેળવ્યો છે. તેમણે કોંગ્રેસના યુવા નેતા કરીમભાઈ ખાસ્યાને પરાજય આપી ભાજપનો ભગવો લહેરાવ્યો છે.

**આહવા તાલુકા પંચાયત વિજેતાઓ**

| બેઠકનું નામ | પક્ષ | મેળવેલ વોટ |
|---|---|---|
| આહવા-૧ | કોંગ્રેસ | ૧૫૫૭ |
| આહવા-૨ | કોંગ્રેસ | ૧૪૪૪ |
| આહવા-3 | ભાજપ | ૧૮૩૨ |
| ચીંચલી | ભાજપ | ૨૧૭૨ |
| ઘવલીદોડ | કોંગ્રેસ | ૨૭૯૬ |
| ડોન | કોંગ્રેસ | ૧૯૮૬ |
| ગડદ | કોંગ્રેસ | ૨૨૩૨ |
| ગાઢવી | કોંગ્રેસ | ૩૦૭૧ |
| ગલકુંડ | ભાજપ | ૩૦૮૦ |
| કલમવિહીર | ભાજપ | બિન હરીફ |
| માલેગાંવ | ભાજપ | ૩૪૫૦ |
| નડગખાદી | ભાજપ | ૨૭૯૨ |
| પીંપરી | ભાજપ | ૧૬૬૪ |
| શામગહાન | કોંગ્રેસ | ૨૧૨૩ |
| ટાંકલીપાડા | કોંગ્રેસ | ૨૨૬૯ |
| વાસુર્ણા | કોંગ્રેસ | ૨૧૫૧ |

**સુબીર તાલુકા પંચાયત વિજેતાઓ**

| બેઠકનું નામ | પક્ષ | મેળવેલ વોટ |
|---|---|---|
| દહેર | ભાજપ | ૨૦૫૬ |
| ગારખડી | કોંગ્રેસ | ૧૫૬૨ |
| ગૌહાણ | કોંગ્રેસ | ૧૪૨૦ |
| ગીરમાળ | ભાજપ | ૮૫૮ |
| નવંતપાડા | ભાજપ | ૧૭૧૩ |
| જામન્યામાળ | ભાજપ | ૧૮૫૪ |
| કડમાળ | ભાજપ | ૧૨૬૪ |
| કેશબંધ | કોંગ્રેસ | ૧૦૯૯ |
| ખાજુર્ણા | ભાજપ | ૧૩૭૫ |
| ખાંભલા | ભાજપ | ૧૨૯૫ |
| કિરલી | ભાજપ | ૧૭૫૫ |
| મહાલ | ભાજપ | ૧૧૫૯ |
| માળગા | ભાજપ | ૨૨૦૭ |
| નિશાણા | ભાજપ | ૧૦૮૯ |
| સાજુપાડા | ભાજપ | ૧૪૮૯ |
| સુબીર | કોંગ્રેસ | ૧૨૨૧ |

## સાકરપાતળ જિલ્લા સીટ પર ફરી પંજો પકડનાર મંગળ ગાવીતની ભવ્ય જીત

સાકરપાતળ જિલ્લા પંચાયત સીટ પર યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ ધારાસભ્ય મંગળભાઈ ગાવીતની ભવ્ય જીત થઈ છે. જ્યારે ભાજપાનાં મંગલેશભાઈ ભોયેની કારમી હાર થઈ છે. થોડા સમય પહેલાં પૂર્વ ધારાસભ્ય મંગળ ગાવીતે ફરી કેસરીયો છોડી 'પંજા'નો હાથ પકડતાની સાથે જ જિલ્લા અને તાલુકા પંચાયતના સમીકરણો સંપૂર્ણપણે બદલાઈ ગયા છે.

# વઘઈ તાલુકા પંચાયતમાં ટાઈ, ભાજપ-કોંગ્રેસને 8-8 બેઠક

**આહવા** તાલુકામાં કોંગ્રેસને તો સુબિરમાં ભાજપને બહુમતિ


ગિરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પરિણામો જાહેર થતાં જ ભાજપા અને કોંગ્રેસ બન્ને પક્ષોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. જિલ્લાના ત્રણેય તાલુકા પંચાયતોમાં અલગ અલગ રાજકીય પરિસ્થિતિ ઊભી થતાં રાજકીય ગરમાવો વધી ગયો છે.

આહવા તાલુકા પંચાયતની કુલ 16 બેઠકમાંથી કોંગ્રેસે 9 બેઠક જીતી બહુમતી મેળવી છે, જ્યારે ભાજપાને 7 બેઠક સંતોષ માનવો પડ્યો છે. વર્ષોથી ભાજપાનો ગઢ માનાતો આહવા તાલુકો હવે કોંગ્રેસના કબજામાં જતાં રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર નોંધાયો છે. જ્યારે વઘઇ તાલુકા પંચાયતમાં ટાઈ થતાં તડજોડની રાજનીતિ આગળ વધશે. વઘઇ તાલુકા પંચાયતની કુલ 16 બેઠકમાં ભાજપા અને કોંગ્રેસ બન્નેએ 8-8 બેઠકો મેળવતા ટાઈની સ્થિતિ સર્જાઈ છે. આ પરિસ્થિતિમાં આગામી દિવસોમાં સત્તા સ્થાપવા માટે બન્ને પક્ષો તડજોડ અને ગઠબંધનની રાજનીતિ અપનાવશે તેવી શક્યતા છે. જ્યારે સુબિર તાલુકામાં ભાજપાની સ્પષ્ટ બહુમતી મળી છે.

સુબિર તાલુકા પંચાયતની કુલ 16 બેઠકમાંથી ભાજપાએ 12 બેઠક જીતી સ્પષ્ટ બહુમતી મેળવી છે. જ્યારે કોંગ્રેસને 4 બેઠકો મળતા તે અહીં મર્યાદિત અસર ધરાવે છે. એકંદરે ત્રણેય તાલુકા પંચાયતમાં મિશ્ર જનાદેશ મળતા રાજકીય ચહલપહલ તેજ બની છે. સુબિરમાં ભાજપા મજબૂત બની છે, આહવામાં કોંગ્રેસે ગઢ તોડી જીત મેળવી છે અને વઘઇમાં ટાઈની સ્થિતિએ રાજકીય હલચલ વધારી છે.

**વઘઇ તાલુકા પંચાયત વિજેતાઓ**

| બેઠકનું નામ | વિજેતા પક્ષ | મેળવેલ વોટ |
|---|---|---|
| બરડા | કોંગ્રેસ | ૧૯૮૨ |
| બારખાંધ્યા | કોંગ્રેસ | ૨૦૨૦ |
| ચીચીનાંગાંવઠા | ભાજપ | ૧૬૪૦ |
| ચિકાર | ભાજપ | ૧૪૭૯ |
| દગડીઆંબા | કોંગ્રેસ | ૨૧૫૦ |
| ગોદડીયા | કોંગ્રેસ | ૧૩૯૫ |
| કાલીબેલ | ભાજપ | ૧૦૧૬ |
| ખાતળ | ભાજપ | ૧૮૬૩ |
| કોશીમદા | કોંગ્રેસ | ૨૧૫૧ |
| મોટામાળુંગા | ભાજપ | ૧૮૨૯ |
| રંભાસ | કોંગ્રેસ | ૧૬૦૩ |
| સાકરપાતળ | ભાજપ | ૧૪૮૨ |
| શિવારીમાળ | ભાજપ | ૧૭૩૮ |
| વઘઇ | કોંગ્રેસ | ૧૧૪૦ |
| વઘઇ | ભાજપ | ૧૮૪૪ |
| ઝાવડા | કોંગ્રેસ | ૧૨૨૮ |

# ઉમરગામ પાલિકામાં 19 બેઠક સાથે ભાજપનો ભગવો લહેરાયો

**કોંગ્રેસના** ફાળે 8 બેઠક અને 1 બેઠક ઉપર અપક્ષ ઉમેદવાર સુનિલ પારવેનો વિજય

**વોર્ડ** નંબર ત્રણમાં એક બેઠક ઉપર ટાઇ થતાં ચિઠ્ઠી ઉછાળતા કોંગ્રેસના ઉમેદવારનો વિજય થયો


ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ નગરપાલિકાની ચૂંટણીમાં બિનહરીફ 8 બેઠકો અને આજે જાહેર થયેલા પરિણામોમાં વધુ 11 બેઠકો મળી કુલ 19 બેઠકો સાથે ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી ફરી સત્તા જાળવી રાખી છે. જો કે આ વખતે ચૂંટણી કરતા ત્રણ બેઠકોનો ભાજપને ફટકો પડ્યો છે. કોંગ્રેસે પણ પોતાનું સારું પ્રદર્શન કરી 8 બેઠકો મેળવી હતી. જ્યારે એક બેઠક પર અપક્ષ ઉમેદવાર સુનિલભાઈ પારવેનો વિજય થયો હતો.

ઉમરગામ નગરપાલિકાની કુલ 7 વોર્ડની 28 બેઠકો માટે માટે ચૂંટણી યોજાઈ હતી. શરૂઆતમાં આઠ બેઠકો ભાજપે બિનહરીફ જીતી લીધી હતી. બાકીની 20 બેઠકો માટે મતદાન થયું હતું. મંગળવારે જાહેર થયેલા પરિણામોમાં

વોર્ડ નંબર 1 માં ભાજપના ચારેય ઉમેદવારો જયશ્રીબેન માછી (1082), વિદિશા માછી (1004), જયદીપ અક્કેકર (1080) અને સુશીલ ભરતીય (947) નો વિજય થયો હતો. વોર્ડ નંબર 2 માં ભાજપના ચારેય ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા હતા. વોર્ડ નંબર 3 માં કોંગ્રેસના ચારેય ઉમેદવારો ધરા ગજ્જર (1011) આરતી દુબળા (1097) જતીન પટેલ (1082) અને મનોજ દુબળા (1076) મતો મળતા વિજય થયો હતો. આ વોર્ડ નંબર ત્રણમાં ભાજપના ઉમેદવાર ફૂર્વી ભંડારી અને ધરા ગજ્જરને એક સરખા 1011 મતો મળ્યા હતા. જેમાં ચિઠ્ઠી ઉછાળવામાં આવતા કોંગ્રેસના ઉમેદવાર ધરા ગજ્જરનો વિજય થયો હતો. વોર્ડ નંબર 4 માં ભાજપના બે ઉમેદવારો ખુશ્બુ જાદવ અને યજ્ઞેશ પટેલ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા જ્યારે ભાજપના ઉમેદવાર વૈભવી માહ્યાવંશી (787) અને મીત વાઘેલા (783) ચૂંટાઈ આવ્યા હતા. વોર્ડ નંબર પાંચમાં અગાઉ ભાજપના બે ઉમેદવારો કાવેરીબેન અને ચંદનબેન કામળી બિનહરીફ ચૂંટાયા હતા. આ ચાર નંબરના વોર્ડમાં ભાજપના ઉમેદવારો યોગેશ દાંડેકર 1587 અને રીતેશ બારી 1627 મતો મળતા વિજેતા જાહેર થયા હતા.

વોર્ડ નંબર 6 માં ત્રણ બેઠકો ઉપર ભાજપના ઉમેદવાર વાસુમતી પટેલને 350 મતો, પ્રભાબેન સિંગ (370) અને નટુભાઈ રાઠોડ પૂર્વ પ્રમુખને 371 મતો મળતા વિજેતા જાહેર કરાયા હતા. આ વોર્ડમાં મૂળ ભાજપના અગ્રણી જમીન સાથે જોડાયેલા પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી હાસિયામાં ધકેલાઈ ગયેલા અપક્ષ ઉમેદવાર સુનિલભાઈ પારવેને 977 મતો મળતા તેમનો ભવ્ય વિજય થયો હતો.

વોર્ડ નંબર 7 માં ભાજપે અંકુશ કામળીને ટિકિટ આપતા ખૂબ જ વિવાદ ઊભો થયો હતો. અંકુશભાઈ વોર્ડ નંબર પાંચમાં આવે છે. તેમની ઉમેદવારીને લઈને ભાજપમાં જ આંતરિક ખેંચતાણ જોવા મળી હતી. અમુક વર્ગ તેમને હરાવવા અંદરખાને કામ કરવા લાગી ગયો હતો.

જાહેર થયેલા પરિણામોમાં ભાજપે વોર્ડ નંબર 7 ની ચારેય બેઠકો ગુમાવી પડી હતી. અહીં કોંગ્રેસના ઉમેદવાર કાજલ વારલી (648), દિપક કામળી (639)મનીષા વારલી (636)અને રેહાન ખાન 642 મતો મળતા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ઉમરગામ નગરપાલિકાની ચૂંટણી જીતવા ભાજપ દ્વારા પૂર્વ પ્રમુખ સચિનભાઈ માછી તથા ટીનુભાઈ બારી સહીત ભાજપના આગેવાનોને આ વખતે વિશેષ જવાબદારી સોપી હતી.

# ઉમરગામ તા.પં.માં 25 બેઠક સાથે ભાજપે ફરી સત્તા હાસિલ કરી

**જિ**.પં.ની 8 માંથી 7 બેઠકો પર ભાજપે કબજો કર્યો

**યુવા** શક્તિ વિકાસ સંગઠનના ચાર અપક્ષ ઉમેદવાર તાલુકામાં વિજેતા થયા, અંકલાસ બેઠક ઉપર કોંગ્રેસ ઉમેદવાર વિજય બન્યા



ઉમરગામ` : જાહેર થયેલા પરિણામોમાં કુલ 30 બેઠકોમાંથી 25 બેઠકો મેળવી ફરી ઉમરગામ તાલુકા પંચાયતમાં ભાજપે સત્તા મેળવી છે.

4 બેઠકો યુવા શક્તિ વિકાસ સંગઠનના રાકેશ રાયના અપક્ષ ઉમેદવારોનો અને 1 બેઠક પર કોંગ્રેસ ઉમેદવારનો વિજય થયો છે.

જિલ્લા પંચાયતની કુલ આઠ બેઠકોમાંથી 7 બેઠકો ઉપર ભાજપના ઉમેદવારો જીત્યા છે. જિલ્લા પંચાયતની 1 બેઠક યુવા શક્તિ વિકાસ સંગઠનના ઉમેદવારનો વિજય થયો હતો.

ઉમરગામ તાલુકા પંચાયતની અંકલાસ બેઠક ઉપર કોંગ્રેસના રમીલા ધોડી (2087) ભીલાડ બેઠક ઉપર ભાજપના નીતા પાટકર (1913), દહાડના વનશ ધોડી ભાજપ (2309) ડેહલીના સંતોષ વળવી ભાજપ (2800), દેહરીના કાજલ હળપતિ ભાજપ (2823), ફણસા-અંકિતા અંકુર પટેલ ભાજપ (3804), ફણસા-1 મનીષ પટેલ ભાજપ (3081) કચીગામ પ્રેમીલા ધોડી ભાજપ (3337) કાલય પ્રતીક્ષા મીતના ભાજપ (2509), કલગામ રાજેશ વારલી ભાજપ (4079), ખતલવાડા-1 જીગ્નેશ માછી ભાજપ 2289 ખતલવાડા-2 ભાવના કામળી ભાજપ (1735), ખતલવાડ-3 કલ્પના હાડલ ભાજપ 2344, માંડા શીતલ ઠાકરીયા ભાજપ 2748 મરોલી-1 વનિતા ગોલકર ભાજપ 3621, મરોલી-2 પરસોત્તમ ખરપડીયા ભાજપ 3535, મોહનગામ જીગીશા વારલી ભાજપ 3421, નારગોલ ઉપેન્દ્ર માછી ભાજપ 3820, પલગામ પુષ્પક માછી ભાજપ 2215, સંજાણ-1 ગુલઝહા ઇન્દ્રગડીયા અપક્ષ 1452, સંજાણ-2 બ્રીજલ પટેલ ભાજપ 2321, સરીગામ-1 અરવિંદ બોબા અપક્ષ 2594, સરીગામ-2 રાકેશ રાય અપક્ષ 2335 અને સરીગામ-3 મનોજ કડુ અપક્ષ 2341, સરોડા કુંદાબેન ડાવરીયા ભાજપ 2917, સોળસુંબા-1 હાર્દિક શાહ ભાજપ 1470, સોળસુંબા-2 તેજારામ ચૌધરી ભાજપ 1825, તુંબ દીપીકા પટેલ ભાજપ 3456, વલવાડા બીના પટેલ ભાજપ 3431 અને જરોલી કડુ 2249 ભાજપ ઉમેદવારને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

જિલ્લા પંચાયતની સંજાણ બેઠક ઉપરથી નરેશ પરમાર ભાજપ, ડેહલી બેઠક પરથી શૈલેષ પટેલ ભાજપ, ખતલવાડા બેઠક પર ભાવિની માછી ભાજપ, મરોલી બેઠક પર નવીન હળપતિ ભાજપ, સોલસુંબા બેઠક પર વંદના માહ્યાવંશી ભાજપ, ફણસા બેઠક ઉપર રામદાસ વરઠા ભાજપ, અને સરીગામ બેઠક પર અપક્ષ ઉમેદવાર નુતન ભંડારી વિજેતા જાહેર થયા હતા, મોહનગામ બેઠક ભાજપે બિનહરીફ જીતી લીધી હતી. આમ 8 માંથી 7 બેઠકો ભાજપને મળી છે. ગત ચૂંટણીમાં ઉમરગામમાં આવતી જિલ્લાની આઠે આઠ બેઠક જીતી હતી આ વખતે 1 બેઠક ભાજપે ગુમાવી છે.


અમૃત પટેલ

# જિ.પં.ની પારડીની ચારેય બેઠક પર ભાજપનો પ્રચંડ વિજય

**ઐતિહાસિક** વિજય થતાં કોંગ્રેસ અને 'આપ'ના સૂપડા સાફ

પારડી : વલસાડ જિલ્લાની પારડી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકો પર ભારતીય જનતા પાર્ટીએ ઐતિહાસિક વિજય મેળવ્યો છે. યોજાયેલી મતગણતરીમાં ભાજપે વિરોધ પક્ષોના સૂપડા સાફ કરી દીધા છે. જિલ્લા પંચાયતની ચારેય બેઠકો ઉમરસાડી, ટુકવાડા, સુખેશ અને પરિયા-પર ભાજપના ઉમેદવારોએ જંગી બહુમતીથી જીત હાંસલ કરી છે.

ચૂંટણી અધિકારી ડેપ્યુટી કમિશનર, મામલતદાર કિરણસિંહ રાણા અને ટીડીઓની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયતની ચાર બેઠકો પૈકી પરીયામાંથી ભાજપના અદિતિ પટેલનો વિજય થયો છે. ઉમરસાડીના ભાજપના પ્રજ્ઞેશ પટેલ 12 હજાર મતથી વિજેતા થયા હતાં. ટુકવાડા જિ.પં.ની બેઠક પર ભાજપના ઉમેદવાર સોનલ પટેલ 11 હજાર મતથી, જ્યારે સુખેશ બેઠક પર ભાજપના નરેશ પટેલનો ભવ્ય વિજય થયો છે.જિલ્લા પંચાયતની સાથે પારડી તાલુકા પંચાયતની તમામ ૨૨ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો છે. આ જીત સાથે કોંગ્રેસ, આમ આદમી પાર્ટી કે અપક્ષના એક પણ ઉમેદવારનું ખાતું ખૂલ્યું નથી. તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલે અગાઉ કરેલો તમામ બેઠકો જીતવાનો દાવો આજે સત્ય સાબિત થયો છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈની રાહબરી અને જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારાના માર્ગદર્શન હેઠળ ભાજપે આ પ્રચંડ સફળતા મેળવી છે.

# પારનેરામાં ભાજપના આંતરકલહનો ફિયાસ્કો, અપક્ષ ઉમેદવારનો વિજય

**ભાજપ** સામે બંડ પોકારી અપક્ષ ઉમેદવારી કરનારનો શાનદાર વિજય થયો

વલસાડ : વલસાડ તાલુકા પંચાયતની ૨૮-પારનેરા બેઠક પર ભાજપના ગઢમાં જ મોટું ગાબડું પડ્યું છે. પક્ષના આંતરિક વિખવાદ અને સ્થાનિક કાર્યકરોની લાગણી દુભાવવાનું પરિણામ આજે જાહેર થયેલા ચૂંટણી પરિણામોમાં સ્પષ્ટપણે જોવા મળ્યું છે. ભાજપ સામે બંડ પોકારી અપક્ષ ઉમેદવારી કરનાર હેતલબેન હિતેશકુમાર પટેલનો શાનદાર વિજય થયો છે, જે ભાજપ માટે એક મોટો રાજકીય ફટકો માનવામાં આવી રહ્યો છે. હિતેશ પટેલે ભાજપ પાસે પોતાની પત્ની માટે ટિકિટની માંગણી કરી હતી. જોકે, પક્ષે તેમની અવગણના કરીને અન્ય નિરીક્ષાબેન દિવ્યેશભાઈ પટેલને ઉમેદવાર પર પસંદગી ઉતારી હતી. આ નિર્ણયથી નારાજ થઈ હિતેશભાઈએ ભાજપ સામે જ મોરચો માંડ્યો હતો અને પોતાની પત્નીને અપક્ષ તરીકે મેદાનમાં ઉતાર્યા હતાં.



## ધરમપુર તા.પં.માં ભાજપ 13, કોંગ્રેસ 10 અને 1 અપક્ષ

ધરમપુરઃ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકોના પરિણામ જાહેર થતા રાજકીય ચિત્ર સ્પષ્ટ બન્યું છે. તાલુકા પંચાયતની કુલ 24 બેઠકોમાંથી ભાજપે 13 બેઠકો જીતી બહુમતી મેળવી ભગવો લહેરાવ્યો છે, જ્યારે કોંગ્રેસે 10 બેઠકો મેળવી મજબૂત હાજરી નોંધાવી છે. મોટી ઢોલડુંગરી બેઠક પર અપક્ષ ઉમેદવાર સુનિતા પટેલે વિજય મેળવ્યો છે. જિલ્લા પંચાયતની કુલ 6 બેઠકોમાંથી ભાજપે 4 બેઠકો પોતાના ખાતામાં નાખી આગળ રહ્યું છે, જ્યારે કોંગ્રેસે 2 બેઠકો જીતી છે. તાલુકા પંચાયતની આંબાતલાટ, બામટી, બરૂમાળ, કરંજવેરી અને ખારવેલ બોપી બેઠકો કોંગ્રેસના ખાતામાં ગઈ છે, જ્યારે બારોલીયા, ભેંસધરા, બીલપુડી, નાની વહિયાળ, તીસ્કરી તલાટ અને ઉક્તા સહિતની બેઠકો ભાજપે જીતેલી છે. બારોલીયા બેઠક પરથી ભાજપના જિલ્લા મહામંત્રી ગણેશ બિરારીએ સતત ચોથી વખત જંગી બહુમતી સાથે વિજય મેળવ્યો છે. નાની ઢોલડુંગરી બેઠક પર અપક્ષ ઉમેદવારનો વિજય નોંધાયો છે. ચૂંટણીમાં ઘણી બેઠકો પર ખૂબ ઓછા મતફેરથી પરિણામ જાહેર થતા ભારે ટક્કર જોવા મળી હતી.

## દમણની શ્રીનાથજી કોલેજમાં કેમ્પસ ઇન્ટરવ્યુનું આયોજન

દમણ : સંઘપ્રદેશ દમણના વરકુંડ રોડ પાસે આવેલ શ્રીનાથજી બી.બી.એ., બી.સી.એ. અને બી.કોમ કોલેજમાં કેમ્પસ ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશની ખાનગી બેંકો, ગારમેન્ટ ફેક્ટરીઓ, લેબોરેટરી કંપનીઓ, પ્લાસ્ટિક ઉદ્યોગો, ટેક્નોલોજી સાથે સંકળાયેલ કંપનીઓએ ભાગ લીધો હતો. આયોજિત કેમ્પસ ઇન્ટરવ્યુમાં મહત્તમ ઇન્ટરવ્યુ આપવા આવેલા વિદ્યાર્થીઓનું સિલેક્શન કરી તેમને સારા પેકેજ સાથે જોબ ઓફર કરવામાં આવી હતી. આયોજિત કેમ્પસ ઇન્ટરવ્યૂના સફળ આયોજન પાછળ કોલેજના વ્યવસ્થા તંત્ર દ્વારા સારી એવી વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી.

